સામેરી- રૂડું સ્વામી રામાનંદનું, આખ્યાન કહું અનૂપ ।
જે આપે ઉદ્ધવજી અવતર્યા, તે થયા રામાનંદરૂપ ॥૧॥
જેહ પુરી જેહ કુળમાં, જેહ ગોત્ર જેહ માત તાત ।
જીયાં ઉદ્ધવજી અવતરી, કાવ્યા રામાનંદ સાક્ષાત ॥૨॥
જેમ મુક્યું નિજ ગેહને, જેમ શીખ આપી માત તાત ।
જેમ આવ્યા આ દેશમાં, કહું તેની સર્વે વાત ॥૩॥
સહુ મળી હવે સાંભળો, સારી કથા છે આ અનૂપ ।
કહું ચરિત્ર કોડામણું, રામાનંદજીનું રસરૂપ ॥૪॥

દુર્વાસાના શાપથી, ઉદ્ધવે ધર્યો અવતાર ।
પૂર્વ દિશે અયોધ્યાપુરી, ત્યાં બ્રાહ્મણ સુંદર સાર ॥૫॥
ભક્ત શ્રીભગવાનના, વળી સદા સત્યવાદીપણું ।
વિદ્યાવાન અમાન આપે, ઇંદ્રિયજીત અતિશે ઘણું ॥૬॥
પાપરહિતા પુણ્યવંતા, સ્વધર્મમાં સાવધાન ।
ઉચ્ચકુળે આચાર અતિ, ઘણું ઘણું ગુણવાન ॥૭॥
કશ્યપ ગોત્ર ને ઋગ્વેદ, આશ્વલાયન શાખા જેહની ।
અજયનામે વિપ્ર પવિત્ર, સુમતિ પત્ની તેહની ॥૮॥
તેને તે ઘેર પ્રકટ્યા, ઉદ્ધવ આપે ઉદાર ।
સંવત્ સત્તાર પંચાણવે, શ્રાવણવદી આઠ્યમ સવાર ॥૯॥
તેહ સમે ઉદ્ધવજીએ, આપે ધર્યો અવતાર ।
જન્મ સમે જયજય શબ્દે, વદે છે નર ને નાર ॥૧૦॥
આનંદ વાધ્યો અતિ ઘણો, ઘેર ઘેર મંગળ ગાય ।
વિધ્યે વિધ્યે કરે વધામણી, વળી હૈયે હર્ષ ન માય ॥૧૧॥
વળતા તે વિપ્ર તેડાવિયા, તેહ આવિયા નિજધામ ।
જન્મ અક્ષર જોઈને, કહે નામ એનું શ્રીરામ ॥૧૨॥
શુભ વાર ચોઘડિયું, શુભ ઘડી પળ લગન ।
એવા સમામાં આવિયો, પુત્ર તમારો પાવન ॥૧૩॥
અતિ પ્રતાપી એહ છે, ઉદ્ધવ જેવા એ અનૂપ ।
જ્ઞાન ગુણ ને લક્ષણે, થાશે તેહ જેવા તદરૂપ ॥૧૪॥
એવું સુણી આનંદ પામ્યાં, માત પિતા અતિ મન ।
મહામતિ જે ઉદ્ધવજી, તે જાણ્યા પોતાના તન ॥૧૫॥
પછી આપ્યાં દાન અતિ ઘણાં, ભાંગી બ્રાહ્મણની ભૂખ ।
અન્ન ધન અંબર અવનિ, ગજ વાજ ગૌ ગેહ સુખ ॥૧૬॥
વિપ્ર મન પ્રસન્ન થયા, ગયા પોતપોતાને ગેહ ।
માતપિતા સુતમુખ જોઈ, હૈયે ન માય સનેહ ॥૧૭॥
મનોહર સુંદર મૂરતિ, અતિરૂડા દિસે રામ ।

જેનું મુખ જોતાં મયંક લાજે, છબી જોઈ કોટી કામ ॥૧૮॥
એના ચરણની શોભા કહું, અતિ ઓપે નખ ને આંગળી ।
જાણું જળમાં કમળ કેરી, ફુલી રહી રાતી કળી ॥૧૯॥
અંકિત લંકિત લાલ અંઘ્રી, પેની બની અતિ પાતળી ।
ગુલફ જંઘા જાનું જોતાં, ઉરુ ઉભય શોભે વળી ॥૨૦॥
ઉંડી નાભિ ઉદર સુંદર, પડે વળ ત્રણય તિયાં ।
સ્તન દોય રુદે જોઈ, જનમન લોભી રીયાં ॥૨૧॥
અજબ કંઠ અજાનબાહુ, અતિ સુંદર કરઆંગળી ।
અરુણ નખ ઓપે ઘણા, જાણું બણી મણિની આવળી ॥૨૨॥
ચિબુક મુખ અધરવર, વળી રસના રસ રૂડે ભરી ।
મંદમંદ હાસ્ય કરતાં, શોભે છે સુંદર હરિ ॥૨૩॥
નાસિકા સગ્ય દીપકેરી, વળી લઘુ કપોળ કાન છે ।
ગૌરમૂર્તિ અતિ સુંદર, શોભિત તન એવે વાન છે ॥૨૪॥
આંખ્યમાં અમૃત ભર્યું, વળી ભ્રકુટિ ભારી ભાવની ।
ભાલ સુંદર સોયામણું, મનોહર મૂર્તિ મન ભાવની ॥૨૫॥
ઉર વિશાળ ભાલ ઝળકે, શિશે કેશ તે શ્યામ છે ।
ઝીણા વક્ર ઝગે ઘણા, વળી પ્રૌઢ પંડે શ્રીરામ છે ॥૨૬॥
એવા સુતને નિરખી, માત તાત મગન મને ।
હેતે લાડ લડાવતાં, મોટા થયા થોડે દને ॥૨૭॥
બાળચંદ્રની પેઠ્યે પોતે, નિત્યે વધતા જાય છે ।
તેને દેખી તાત માતનાં, નયણાં તે ટાઢાં થાય છે ॥૨૮॥
શોભે સુંદર મૂરતિ, નામ શ્રીરામ ને રૂપ ।
આઠ વર્ષે અજય જનકે, આપી જનોઈ અનૂપ ॥૨૯॥
પછી વર્ણિ વ્રતને, દેઢ મને કરી ધારીયું ।
ગૃહસ્થાશ્રમ નથી કરવો, એવું મને વળી વિચારિયું ॥૩૦॥
ધર્માત્મા એવા જે ઉદ્ધવ, વળી નૈષ્ઠિકવ્રત વાલું અતિ ।
શ્રીકૃષ્ણ ભક્તિરૂપ કંજને, પ્રકાશ કરવા ઉડુપતિ ॥૩૧॥

નિવૃત્તિવાળા સંતનો, સમાગમ ગમે ઘણું ।
તાત મુખથી કરે સદા, શ્રવણ નિત્ય ભાગવતતણું ॥૩૨॥
તેણે કરી શ્રીકૃષ્ણ કેરી, ભક્તિ અતિ ભાવે મને ।
પછી શ્રીકૃષ્ણની પ્રતિમા, નિમેશું પૂજે નિશદને ॥૩૩॥
વળી પ્રત્યક્ષ શ્રીકૃષ્ણનાં, ઉર ઈચ્છે છે દર્શનને ।
ગૃહાદિક નથી ગમતું, રહે છે સદા ઉદાસી મને ॥૩૪॥
પછી ઉદ્ધવે મનમાંહિ, એમ કર્યો નિરધારને ।
વેદ ભણ્યાનો મિષ લઈ, તજું હવે ઘરદ્વારને ॥૩૫॥
ત્યારે તે પુછ્યું તાતને, માતને જોડી પાણ્ય ।
આપો અમને આગન્યા, હું ભણું વેદ પુરાણ ॥૩૬॥
કરવા દ્વારિકાની જાતરા, દેખવા દેશ પ્રદેશ ।
એવી ઈચ્છા ઉરમાંહિ, મારે વર્તે છે અહોનિશ ॥૩૭॥
ત્યારે માતાને આવી મૂરછા, વળી ઢળી તે કદળી જેમ ।
શ્રીરામ તમે સધાવતાં, મારા પ્રાણ રહેશે કેમ ॥૩૮॥
પુત્ર તમે નાનકડા, નવ દેખિયું સુખ દુઃખ ।
કોણ તમને જમાડશે, જ્યારે લાગશે વળી ભૂખ ॥૩૯॥
વાટમાંહિ વાઘ વરુ, બિવરાવે બહુ બાળને ।
પુત્ર મારા મંદિર બેઠા, ભજો શ્રીગોપાળને ॥૪૦॥
શ્રીરામ કહે મા સાંભળો, મારે જાવું છે જરુર ।
રાખ્યો તમારો નહિ રહું, મારું અંતર છે આતુર ॥૪૧॥
સારું પુત્ર તમે સધાવજ્યો, વહેલા આવજ્યો મારા વીર ।
શિખ દેતાં શ્રીરામને, નયણે તે ચાલ્યાં નીર ॥૪૨॥
રહો પુત્ર રસોઈ કરું, એકવાર જમો જીવન ।
આ મુખ મોંઘુ મળવું, મારા તીરથવાસી તન ॥૪૩॥
સુત તમે સધાવતાં, કેમ જાશે મારા દન ।
આંધળાની આંખ્ય છો, મુજ નિર્ધનનું ધન ॥૪૪॥
મુજ રાંકનું રતન છો, જાતાં તે જીવડો નહિ રહે ।

અણતોળ્યું દુઃખ આવતાં, દેહધારી કેટલુંક સહે ॥૪૫॥
અપરાધ ઓલ્યા ભવના, પુત્ર આજ આવી નડ્યા ।
એમ કહી અચેત થઈ, લડથડી પૃથ્વી પડ્યાં ॥૪૬॥
ત્યારે શ્રીરામ કહે મા સાંભળો, દિલગીર મ થાઓ મનમાં ।
કરો રસોઈ જમશું, થાઓ સચેત તનમાં ॥૪૭॥
ત્યારે માતાને ઉતરી મૂરછા, જાગીને જોયા ફરી ।
પછી રૂડી રીતશું, રાજી થઈ રસોઈ કરી ॥૪૮॥
જમીને જીવન ચાલિયા, કળ પડી નહિ કોઈને ।
માત તાત તણો મોહ, વ્યાપ્યો નહિ નિરમોહિને ॥૪૯॥
જેમ પૂર્વ દિશે પ્રકટી, ઈંદુ આવે વરુણી દિશ ।
તેમ તે શ્રીરામ આપે, કર્યો પશ્ચિમે પરવેશ ॥૫૦॥
તરત ત્યાંથી ચાલિયા, અને જોયાં તીરથ ધામ ।
સિંધુતીરે સોયામણું, એક આવ્યું તળાજું ગામ ॥૫૧॥
સાધુસ્વભાવે શાસ્ત્રવેત્તા, નામ તે કાશીરામ ।
સત્વગુણી સંત જાણી, તિયાં કર્યો વિશ્રામ ॥૫૨॥
શાસ્ત્ર એનાં સર્વે શોધી, લીધું સમઝી સાર ।
નથી અજાણ્યું એહથી, કર્યો ઉપલો ઉપચાર ॥૫૩॥
ગોપનાથના ગોપાલયોગી, તેના શિષ્ય તે આત્માનંદ ।
તે મળ્યા રૈવતાચળે, જે મહામોટા યોગીઈન્દ ॥૫૪॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે ઉદ્ધવનું જન્મવૃતાંત
કહ્યું ને ઘરનો ત્યાગ કર્યો એ નામે છત્રીશમું પ્રકરણમ્ ॥૩૬॥